# જાહેરનામુ

## પોલીસ કમિશનર, અમદાવાદ શહેર

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ- ૩૩ (એન), ૩૬(ઈ)(એ) અને ૩૮ મુજબ**

**ક્રમાંક : ગ/ઉપક/લાયસન્સ શાખા/ ૨૩ /૨૦૧૯ તા.૨૩/૦૯/૨૦૧૯**

અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રીના હકુમત હેઠળના વિસ્તારમાં જાહેર જનતાને થતી હેરાનગતિ અટકાવવા માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(એન), ૩૬(ઈ)(એ) અને ૩૮ હેઠળ મળેલ સત્તાની રૂએ, હું એ. કે. સિંઘ, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર આથી ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં **તા. ૨૯/૦૯/૨૦૧૯ થી તા. ૦૭/૧૦/૨૦૧૯ સુધી** કોઈ પણ ખાનગી કે જાહેર સ્થળે **રાત્રીના કલાક ૧૨:૦૦** વાગ્યા પછી કોઈપણ ગરબા, રાસ-ગરબા કે અન્ય કાર્યક્રમમાં માઈક તથા લાઉડ સ્પીકર ચાલુ રાખી શકાશે નહીં.

નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંન્ટ્રોલ) રુલ્સ-૨૦૦૦ ની કલમ- ૫(૨)(૩) ની જોગવાઈઓને આધિન તથા ગુજરાત સરકારના વન અને પર્યાવરણ વિભાગના GNV-2019-(18)-ENV-10-2014-133-T તા:૧૩/૦૬/૨૦૧૯ ના જાહેરનામાં મુજબ માઈક તથા લાઉડ સ્પીકરનો ઉપયોગ રાત્રીના ૧૨:૦૦ વાગ્યા સુધી કરવાનો રહેશે. **રાત્રીના ૧૨:૦૦ બાદ કોઈ પબ્લીક એડ્રેસ સિસ્ટમ / લાઉડ સ્પીકર વગાડવું નહીં.**

**વિસ્તાર**

**અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર**

ઉપરોક્ત હુકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧, ૧૩૪, ૧૩૫, ૧૩૬ અને ઈ.પી.કો. કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી કે દુરદર્શન ઉપરથી જાહેરાતો કરાવવી.

આજ રોજ તારીખ : ૨૩/૦૯/૨૦૧૯ એ મે મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

તા. ૨૩/૦૯/૨૦૧૯

COMMISSIONER OF POLICE A'BAD CITY

(એ.કે.સિંઘ)
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર.